**વિકલાંગ વ્યક્તિઓ માટે રાજ્ય સરકારની સેવાઓ / જગ્યાઓમાં સીધી ભરતી માટેના રોસ્ટર ક્રમાંક અને રોસ્ટર રજીસ્ટર નિભાવવા અંગે.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૦૩/૦૮/૨૦૧૧.

**વંચાણમાં લીધાઃ–**

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તારીખઃ–૧૯/૨/૨૦૦૦ નું જાહેરનામું ક્રમાંકઃ– ગસ/૨૦૦૦/૪/સીઆરઆર–૧૦૯૪–૧૬૫૪–ગ.૨,

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તારીખઃ–૪/૫/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃ– સીઆરઆર–૧૦૨૦૦૦–જીઓઆઈ–૭–ગ.૨.

(૩) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન(ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીંગ)ની તા.૨૯/૧૨/૨૦૦૫ ની કચેરી યાદી ક્રમાંકઃ–૩૬૦૩૫/૩/૨૦૦૪/ એસ્ટા(રીઝર્વેશન)

**ઠ રા વઃ–**

સામાન્ય વહીવટ વિભાગના ઉપર્યુક્ત વંચાણ હેઠળના ક્રમાંક–(૧) સામેના તા.૧૯/૨/૨૦૦૦ ના જાહેરનામાથી વિકલાંગો માટે ૩ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે વંચાણ હેઠળના ક્રમાંક(૨) સામેના સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ૪/૫/૨૦૦૨ ના ઠરાવથી ભારત સરકારના વિકલાંગ(સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી)ધારો, ૧૯૯૫ અને વંચાણ હેઠળના ક્રમાંક–(૧) સામેના તા.૧૯/૨/૨૦૦૦ ના જાહેરનામાથી વિકલાંગો માટે ૩ ટકા જગાઓ અનામત રાખવાની કરવામાં આવેલ જોગવાઈ અનુસાર જો વિકલાંગ ઉમેદવાર પસંદગી પામે તો તેને જે તે યોગ્ય કેટેગરી(જેવી કે, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ/સામાન્ય કેટેગરી)એટલે કે ઉમેદવાર જે કેટેગરીનો હોય તે કેટેગરીમાં મુકવો તેવું ઠરાવવામાં આવેલ છે. ભારત સરકારની ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંકઃ–(૩) સામેની તા.૨૯/૧૨/૨૦૦૫ ની કચેરી યાદીથી વિકલાંગ વ્યક્તિઓ માટેની અનામત જગ્યાઓ ભરવા સંબંધે ૧૦૦ ક્રમાંકનું રોસ્ટર રજીસ્ટર નિભાવવાની જોગવાઈ કરી તે અંગેના રજીસ્ટરનો નમુનો નિયત કરવામાં આવેલ છે. આથી રાજ્ય સરકારની સેવાઓ અને જગ્યાઓમાં પણ સીધી ભરતીમાં વિકલાંગો માટે નિયત કરાયેલ અનામત જગ્યાઓ યોગ્ય રીતે ભરાય તેમજ તેનું વ્યવસ્થાપન પણ થઈ શકે તે માટે રોસ્ટર રજીસ્ટર નિયત કરવાની / નિભાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છેઃ–

(૧) વિકલાંગ વ્યક્તિઓ માટેની સીધી ભરતીથી ભરવાની થતી અનામત જગ્યાઓના સંદર્ભમાં આ

P.T.O.

સાથે સામેલ પરિશિષ્ટ મુજબનું સીધી ભરતીથી નિમણૂંક અંગેનું ૧૦૦ ક્રમાંકોનું અનામત રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૨) સીધી ભરતીથી નિમણૂંક અંગેનું દરેક રજીસ્ટર ૧૦૦ ક્રમાંકનું રહેશે અને તેમાં ક્રમાંક:૩૪, ૬૮ અને ૧૦૦ વિકલાંગ વ્યક્તિઓ માટે સુનિશ્ચિત થયેલા રહેશે.

(૩) દરેક સંવર્ગમાં સુનિશ્ચિત કરાયેલ જગ્યાઓમાં બિનઅનામત તેમજ અનામત એવી તમામ જગ્યાઓ જેમ જેમ ભરાય તેમ તેમ તેની નોંધણી પ્રસ્તુત અનામત રોસ્ટર રજીસ્ટરમાં કરવાની રહેશે અને ૧૦૦ ક્રમાંકના અંતે વિકલાંગો માટેની સુનિશ્ચિત થયેલી જગ્યાઓ યોગ્ય પ્રકારે ભરાય તે અંગેની જરૂરી કાળજી રાખવાની રહેશે.

૩. સરકારશ્રીના ઉપર્યુક્ત ઠરાવનો અમલ ચુસ્તપણે કરવા આથી સચિવાલયના સર્વે વિભાગો / ખાતાના વડાઓને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( સી.એમ.સદાદીયા )**
**નાયબ સચિવ(ક.ગ.૧),**
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

**બિડાણ:– પરિશિષ્ટ.**

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો, તેમના તાબાના ખાતાના વડા તથા કચેરીઓના વડાને યોગ્ય સૂચનાઓ આપવાની વિનંતી સાથે.
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / શાખાઓ.
<u>પસંદગી ફાઈલ</u>
× પત્ર દ્વારા.

સામાન્ય વહીવટ વિભાગનાં તા.૦૩/૦૮/૨૦૧૧ નાં ઠરાવ ક્રમાંકઃ–સીઆરઆર/૧૦૨૦૦૯/૯૩૧૨૭/ગ.૨ નુ બિડાણ પત્રક.

વિકલાંગ વ્યકિતઓની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓનું રોસ્ટર રજીસ્ટરનો નમુનો.

| ભરતીનું વર્ષ | આવર્તક નંબર અને રોસ્ટર ક્રમાંક નંબર | જગ્યાનું નામ | જો કોઈ જગ્યા ચોકકસ પ્રકારની અપંગતા માટે સુનિશ્ચિત કરાયેલ હોય તો | | | બિનઅનામત કે અનામત (x) | નિમણૂંક અપાયેલ વ્યકિતનું નામ અને નિમણૂંકની તારીખ | નિમણૂંક પામેલ વ્યકિત VH/HH/OH કે કોઈ નહીં (xx) | રિમાર્કસ જો હોય તો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અંધત્વ અથવા ઓછી દૃષ્ટિ VH | શ્રવણની ખામી HH | હલનચલન વિકલાંગતા અથવા મગજનો લકવા OH | | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

(x) જો જગ્યા **VH / HH / OH** માટે અનામત હોય તો સંબંધિત કોલમમાં દર્શાવવી, અન્યથા બિનઅનામતના કોલમમાં દર્શાવવી.

(xx) નિમણૂંક પામેલ વ્યકિત **VH / HH / OH** કે અન્ય છે તે બાબત સ્પષ્ટ રીતે દર્શાવવી.